# છેલ્લા ૧૦ વર્ષથી વરાછા પો.સ્ટે.ના ડુપ્લીકેટ ભારતીય ચલણી નોટો રૂ.૧૦૦/-, રૂ.૫૦૦/- અંગેના ગુનામાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી સુરત શહેર એસ.ઓ.જી.

શહેર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ એસ.ઓ.જી.ના પોલીસ માણસો શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન એસ.ઓ.જી.ના ASI અનિલભાઈ વિનજીભાઈ તથા PC હર્ષદભાઈ નવઘણભાઈ નાઓને મળેલ બાતમી આધારે એસ.ઓ.જી.ના ASI અનિલભાઈ વિનજીભાઈ, HC દામજીભાઇ ધનજીભાઇ, PC હર્ષદભાઈ નવઘણભાઈ, PC અશોકભાઈ લાભુભાઈ નાઓ તમામ ભાવનગર જીલ્લાના શિહોર ખાતે તપાસમાં જઈ વરાછા પો.સ્ટે. I ગુ.ર.નં.૩૪/૨૦૧૦ ઈ.પી.કો. કલમ ૪૮૯(ક),(ખ),(ગ), ૧૨૦(બી) મુજબના ગુનામાં છેલ્લા ૧૦ વર્ષથી નાસતો ફરતો આરોપી વિશ્વનાથ ઉર્ફે વસંત ઉર્ફે દશરથ S/O ભંવરનાથ ગૌસ્વામી ઉ.વ.૩૮ ધંધો ડ્રાઈવીંગ રહે. હાલ સૌજન્ય સોસા. ડો. રૂપચંદભાઈ ભીખાભાઈ પરમારના મકાનમાં કનીવાવ નવાગામ તા.શિહોર જી.ભાવનગર મુળ વતન ગામ ખિમત તા.ધાનેરા જી.બનાસકાંઠા તથા ગામ મોરથલ (ગોરીયા) તા.ડીસા જી.બનાસકાંઠા નાને ઝડપી પાડી પુછપરછ કરતા જણાવેલ કે, તા.૨૫/૦૧/૨૦૧૦ ના રોજ સુરત શહેર એસ.ઓ.જી. પોલીસ દ્વારા વરાછા રોડ ગીતાજંલી ત્રણ રસ્તા રાજહંસ પોઈન્ટ શોપીંગ સેન્ટર ખાતેથી આરોપીઓ ભાવીન ઉર્ફે રાકેશ નારાયણભાઈ પટેલ રહે. વાંસદા ગામ ચંપાવાડી ફળીયુ તા.વાંસદા જી.નવસારી તથા રાયમલભાઈ ઉર્ફે રાજુ જોઈતાજી દેસાઇ રહે.ગામ ખીમત ગોડીયા ફળીયુ તા.ધાનેરા જી.બનાસકાંઠા નાઓને રૂ.૧૦૦/-, રૂ.૫૦૦/- ના દરની ભારતીય ચલણની ડુપ્લીકેટ નોટો કિં.રૂ.૨૯,૩૦૦/- સાથે પકડેલ હતા જે પકડાયેલ નોટો પોતાએ આપેલ હોવાથી પોતાના વતન ખાતેથી ભાગી જઈ ભાવનગર જીલ્લાના શિહોર ખાતે જતો રહેલ અને ત્યાં અલગ અલગ જગ્યાએ છુટક મજુરી કામે લાગી ગયેલ હતો તેમજ હાલમાં પોતે ડ્રાઈવીંગની મજુરી કરતો હોવાની હકીકત જણાવેલ હોય જેઓને પકડી પાડી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.

નોંધ :- સદરહુ ગુનામાં પકડાયેલ આરોપીઓ (૧) ભાવીન ઉર્ફે રાકેશ નારાયણભાઈ પટેલ (૨) રાયમલભાઈ ઉર્ફે રાજુ જોઈતાજી દેસાઈ નાઓને નામદાર સેશન્સ કોર્ટ સુરત નાઓએ દસ વર્ષની સજાનો હુકમ કરેલ છે.